ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૪.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૪.૦° સે. | ૨૩.૦° સે. |

# ઓનલાઈન લાખો પડાવનાર ઠગ બે વર્ષ બાદ જામનગરથી ઝડપાયો

**નવસારીમાં** શેરબજારમાં ઊંચા નફાની લાલચે પૈસા ખંખેર્યા હતા



નવસારી: નવસારી જિલ્લામાં સાયબર ક્રાઈમ સામે ચાલી રહેલી કડક ઝુંબેશ વચ્ચે જલાલપોર પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે. શેરબજારમાં રોકાણ કરાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપીને બે વર્ષ બાદ જામનગરથી ઝડપી પાડવામાં આવતા સાયબર ગઠિયાઓમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નવસારીના પુષ્પ વિહાર વિસ્તારમાં રહેતા ફરિયાદીએ ફેબ્રુઆરી 2025માં ફરિયાદ નોંધાવી હતી કે, અજાણ્યા શખ્સોએ ઓનલાઈન વેબિનાર અને વોટ્સએપ મારફતે પોતાને નિષ્ણાત તરીકે રજૂ કરી ઊંચા નફાની લાલચ આપી હતી. વિશ્વાસમાં આવી ફરિયાદી અને તેમની પત્ની પાસેથી મોટી રકમ ટ્રાન્સફર કરાવી લેવામાં આવી હતી. આ અંગે જલાલપોર પોલીસ સ્ટેશનમાં આઈ.ટી. એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધાઈ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જામનગરનો રહેવાસી મોહમદ શાકિર અસ્લમભાઈ મોગલ આ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું હતું, જે છેલ્લા બે વર્ષથી પોલીસથી બચતો ફરતો હતો. ચોક્કસ બાતમીના આધારે પોલીસ કોન્સ્ટેબલ હરેશભાઈ અને અરવિંદભાઈ સહિતની ટીમે જામનગર ખાતે દરોડો પાડી 31 વર્ષીય આરોપીને ઝડપ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સાયબર ફ્રોડના 'સેકન્ડ લેયર' તરીકે કામ કરતો હતો અને તેના બેંક ખાતામાં અંદાજે 2 લાખ રૂપિયા જમા થયા હતા, જે ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શનનો ભાગ હતા. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે.





# હક માટે હલચલ: નવસારીમાં આદિવાસી સમાજનું મનપા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન

**ટીપી**-ડીપી હેઠળ જમીન જવાના મુદ્દે રસ્તા પર ઊતર્યા, મનપામાં આવેદન નહીં સ્વીકારાતા રોષ વધ્યો

**કલેક્ટરને** આવેદન આપી જમીનનો હક આપવા, આવાસ, પુનર્વસન માટે માંગ કરી

### હજારો પરિવારો પર અસરની ભીતિ

નવસારી શહેરમાં આશરે 91 જેટલી ટીપી-ડીપી યોજનાઓના સરવેની પ્રક્રિયા ચાલી રહી છે, જેના કારણે લગભગ 40 હજારથી વધુ આદિવાસી પરિવારો અસરગ્રસ્ત બનવાની શક્યતા છે. માલિકીના પુરાવા માટે નોટિસો આપવામાં આવતાં સમાજમાં ભય અને રોષ વ્યાપી રહ્યો છે.

નવસારી: નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં ટીપી-ડીપી યોજનાઓ હેઠળ જમીન જતી હોવાના મુદ્દે આદિવાસી સમાજમાં ઉકળાટ શિખરે પહોંચી ગયો છે. પોતાના હકો માટે હજારોની સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ગુરુવારે રસ્તા પર ઉતરી આવ્યા હતા અને જોરદાર સૂત્રોચાર સાથે તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

નવસારી આદિવાસી જન જાગૃતિ સમિતિના બેનર હેઠળ યોજાયેલા આ જનઆંદોલનમાં લોકો પહેલા મનપા કચેરીએ પહોંચ્યા હતા. તેઓએ કમિશનરને આવેદન પાઠવવાનો પ્રયાસ કર્યો, પરંતુ લાંબા સમય સુધી આવેદન સ્વીકારવામાં ન આવતા પરિસ્થિતિ તંગ બની હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ લોકોનો ગુસ્સો વધતો ગયો અને કમિશનર વિરુદ્ધ ઉગ્ર નારા ગુંજ્યા હતા.

દોઢ કલાક સુધી રાહ જોવાયા છતાં આવેદન ન લેવાતા, આદિવાસી સમાજના લોકો રસ્તા પર બેસી વિરોધ નોંધાવવા લાગ્યા. "અમારી જમીન અમારો અધિકાર" અને "આદિવાસીઓ પર અત્યાચાર બંધ કરો" જેવા નારા સાથે આખું શહેર ગુંજી ઉઠ્યું. અંતે આંદોલનકારીઓ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી તરફ કૂચ કરી, જ્યાં તેઓએ પોતાની માંગણીઓ રજૂ કરી હતી. ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને વંદન કરીને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આંદોલનકારીઓની મુખ્ય માંગ છે કે વર્ષોથી પેઢીઓથી વસવાટ કરતાં આદિવાસી પરિવારોને તેમની જમીનનો કાયદેસર હક આપવામાં આવે અને વડાપ્રધાન આવાસ યોજના હેઠળ રહેઠાણની સુવિધા આપવામાં આવે, સાથે જ જ્યાં રોડ માટે જમીન લેવામાં આવે છે, ત્યાં પહેલાં યોગ્ય પુનર્વસન કરવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની કંપનીના રૂમમાંથી મોબાઈલ ફોનની ચોરી

વાપી: મૂળ યુપી અને હાલ વાપી જીઆઈડીસી સેકેન્ડ ફેઝ સ્થિત એસેસ કંપનીની રૂમમાં રહેતો અરવિંદકુમાર શ્રીશ્યામનારાયણ તિવારી (ઉ.વ.44) તા.7-4-26 ના રોજ દરવાજો ખુલ્લો મૂકી મોબાઈલ ફોન ઓશીકાની બાજુમાં મૂકી સૂઈ ગયો હતો. બીજે દિવસે સવારે જાગ્યા તો મોબાઈલ ફોન કિંમત 8,500 જોવા મળ્યો ન હતો. કોઈ ઈસમે મોબાઈલ ફોન ચોરી કરી ગયાની ફરિયાદ અરવિંદકુમારે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે કરી હતી.

### વાંસદામાં રીઢા આરોપી પર PIT NDPS હેઠળ કાર્યવાહી

નવસારી: વાંસદાના મોગરાવાડી વિસ્તારનો રહેવાસી મનોજગીરી હાટુગીરી ગોસ્વામી (ઉંમર 45) ગાંજા જેવા નશીલા પદાર્થોના વેચાણ અને સપ્લાયમાં સંડોવાયેલો હતો. તેની વિરુદ્ધ વર્ષ 2024 અને 2025 દરમિયાન વાંસદા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ બે ગુના નોંધાયા હતા. આરોપીની સતત ગેરકાયદે પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને એસ.ઓ.જી.એ તેની સામે મજબૂત કેસ તૈયાર કરી PIT NDPS હેઠળ કાર્યવાહી કરી અટકાયતમાં લીધો હતો. આગળની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ આરોપીને ભુજ ખાતે આવેલી પાલારા સ્પેશિયલ જેલમાં ખસેડવામાં આવ્યો છે.

### વાપીમાં BSNLના બે કર્મી માટી ધસી પડતા દબાયા

વાપી: વાપી ગાંધી સર્કલ પાસે ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. સોનોરસની સામે પીલ્લર માટે ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. આ ખાડાઓના ખોદવાને લઈ કોઈક ટેલિફોનિક લાઈન કપાઈ ગઈ હતી. ગઈકાલે બીએસએનએલના બે કર્મીઓ કપાયેલા કેબલને રિપેર કરી રહ્યા હતા ત્યારે માટીના ઢગલા નીચે પડ્યા હતા અને બે કર્મીઓ દબાઈ ગયા હતા. જો કે, બૂમાબૂમ થતાં આસપાસના લોકો મદદે પહોંચી ગયા હતા અને બંને કર્મીઓને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત થયેલા અભિષેક અને બિતેશ્વરને 108 એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### વઘઈ પોલીસે ગુમ દીકરીને શોધી પરિવારને સોંપી




સાપુતારા: વઘઈ પોલીસની ટીમે ગુમ થયેલી દિકરીને માત્ર ગણતરીનાં કલાકોમાં જ શોધી કાઢી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું છે. મળતી માહિતી અનુસાર, વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દિકરી ઘરકામ બાબતે માતાના ઠપકાથી મન દુઃખી થઈ કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી.આ ઘટનાની જાણ થતા જ વઘઇ પોલીસની ટીમ તાત્કાલિક સક્રિય બની તપાસ કરી થોડા જ કલાકોમાં દિકરીને સુરક્ષિત રીતે શોધી કાઢવામાં સફળતા મળી હતી. હાલમાં વઘઇ પોલીસની ટીમ દ્વારા દિકરીનું સંવેદનશીલ રીતે કાઉન્સેલિંગ કરી તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું.

### બીલીમોરા BCA, BBA કોલેજનું રમતમાં ગૌરવ




બીલીમોરા: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજીય રમતો અંતર્ગત પુરુષ વિભાગ (ભાઈઓની) રસ્સા ખેંચ સ્પર્ધા બારડોલી સ્થિત કોલેજ ખાતે રમાઈ હતી. આ સ્પર્ધામાં બીલીમોરાની વીએસ કોલેજ ભાઈઓની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સતત બીજા વર્ષે ઉપવિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સફળતા પાછળ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા હેમંત એચ. ટંડેલનું વિશેષ માર્ગદર્શન અને તાલીમ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. એ.આર. બજાજ, કો-ઓર્ડીનેટર ડો. કૃણાલ ભાવસાર તેમજ સંસ્થાના મંડળના પદાધિકારીઓ અને સમગ્ર સ્ટાફ પરિવારે ટીમના ખેલાડીઓ, કોચ અને મેનેજરને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### ડાંગના યુવા ચિત્રકાર પ્રતીક ખુરકુટિયાએ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધાર્યું




સાપુતારા: આહવા ગામના યુવા કલાકાર પ્રતિક ખુરકુટિયાએ પેઈન્ટિંગ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો છે. પ્રતિકને તેની શ્રેષ્ઠ કળા માટે પ્રતિષ્ઠિત 'ટાટા ટ્રસ્ટ્સ બેનેટ નેશનલ એવોર્ડ' (Tata Trusts Bennett National Award) એનાયત કરવામાં આવ્યો છે. પ્રારંભિક શિક્ષણ આહવાની દીપ દર્શન સ્કૂલમાં પૂર્ણ કર્યા બાદ પ્રતિક પોતાની કળા પ્રત્યેની રુચિ હોવાથી તે હાલમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ની ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરી રહ્યો છે. આ સફળતા શાળા તેમજ ગ્રામજનોએ અને પરિવારજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ગણદેવીમાં વિદેશી દારૂ સાથે કાર ચાલકની ધરપકડ

બીલીમોરા: વિદેશી દારૂની ખેપ વલસાડ તરફથી દુવાડા ગણદેવી માર્ગે આગળ વધી નવસારી તરફ જવા અંગે ગણદેવી પોલીસને બાતમી મળી હતી. પોલીસે દુવાડા -ખેરગામ માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. તે જ સમયે મારુતિ સુઝુકી ઇકો કાર નં. જીજે ૧૯ બીજે ૯૦૧૫ ને રોકી તપાસ કરતા રૂપિયા ૨,૬૫,૨૦૦૦ ની કિંમતની વિદેશી દારૂ બોટલ નં.૮૧૬ મળી આવી હતી. કાર, મોબાઈલ મળી કુલ રૂપિયા ૫,૬૬,૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. તે સાથે પોલીસે કાર ચાલક રમેશ પટેલ (૬૨ રહે. મોટા ગામ, બારડોલી, સુરત)ની ધરપકડ કરી હતી. ખેપ ભરી આપનાર લાલીયો (રહે. કચીગામ, દમણ) અને જથ્થો મંગાવનાર શિતલબેન (રહે. ડિંડોલી હળપતિવાસ, સુરત)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

## CBSC ધો.10નું પરિણામ

### શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાધામ વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા



ઘેજ: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા લેવાયેલા ઓલ ઇન્ડિયા સેકન્ડરી સ્કૂલ પરીક્ષા (ધોરણ ૧૦) (મુખ્ય)ના ઘોષિત પરિણામમાં શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાધામ ચીખલીએ ૯૦.૨ ટકાની ઉત્તીર્ણ ટકાવારી નોંધાવી વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. હિયા તાજપરા-૯૩.૨ ટકા પ્રથમ ક્રમ, વંશ પટેલ-૯૨.૨ ટકા દ્વિતીય ક્રમ, જિલ સાકરિયા- ૯૨.૨ ટકા દ્વિતીય ક્રમ, હૈમા પટેલ ૯૨ ટકા તૃતીય ક્રમ મેળવતા ચેરમેન પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશ દાસજીના આશીર્વાદથી આ ઉજ્જ્વળ પરિણામ પ્રાપ્ત થયું છે. ટ્રસ્ટી નિપુન સુખડિયા તથા શાળા આચાર્યએ સમગ્ર સ્ટાફ વતી ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### વાપી હરિઆ પાર્કની શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનું 100% ટકા પરિણામ



વાપી: વાપીની શ્રી એલ.જી.હરિઆ મલ્ટી પર્પઝ સ્કૂલના ધોરણ 10 માં 100 % ટકા પરિણામ આવ્યું છે. શાળા નાં આચાર્ય બિન્ની પોલ, શાળા નાં મેનેજમેન્ટ ટ્રસ્ટીઝ તથા શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા છે. ધોરણ 10માં પ્રથમ ક્રમે 1.કૃષ્ણાલી ગોકુલ પાટીલ 94.80% દ્વિતીય ક્રમે અભિનવ પાંડે 93.80% અને તૃતીય ક્રમે મુકુંદ મુંડે 93.40%. ચોથા ક્રમે આયુષ યાદવ 92.60% પાંચમા ક્રમે દર્શિલ બોહરા અને હંસિકા એસ. યાદવ બંનેએ 92.00% મેળવ્યા છે. દરેક વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### પીએમ સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય સાપુતારાનું 100 ટકા પરિણામ

સાપુતારા: ડાંગની પીએમ જવાહર નવોદય વિદ્યાલય (JNV) સાપુતારાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં સીબીએસઈ (CBSE) ધોરણ ૧૦ની પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. નવોદય શાળાનાં તમામ ૬૮ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા છે. આ સફળતા બદલ શાળાના આચાર્ય આર.પી.તિવારી અને ઉપ-આચાર્ય એસ.બી. મિશ્રાનાં કુશળ માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવવામાં આવી છે. ધોરણ ૧૦નાં આ સફળ પરિણામ માટે વિશેષ સવાર નિરીક્ષણ અભ્યાસ, ઉપચારાત્મક વર્ગો, રાત્રિ નિરીક્ષણ અભ્યાસ અને બોર્ડ વર્ગો માટે વિશેષ પેપર અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સાપુતારા ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધો.૧૦ CBSE બોર્ડનું ઉત્કૃષ્ટ પરિણામ

સાપુતારા: સાપુતારા ઇન્ટરનેશનલ સ્કૂલનાં (CBSE BOARD)માં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ૧૦૦ % પરિણામ હાંસલ કર્યું છે. શાળાના ટોપર વિરાટ કુમાર સંતોષ લાડે ૮૩.૪૦% ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે શ્રેયાંશ કુમાર વસંનજી ગામીતે ૬૭.૦૦% અનુક્રમે દ્વિતીય અને આફતાબ મોહમદ કુરેશીએ ૬૫.૦૦% તૃતીય સ્થાન મેળવ્યું છે અને પ્રણવ જીતેશ પટેલે ૬૨.૪૦% ચોથો ક્રમ મેળવ્યો છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિઓ બદલ શાળા પરિવારનાં ટ્રસ્ટી મહેન્દ્રભાઈ કતારગામવાળા તથા આચાર્ય ઈશ્વરભાઈ વાડેકર સહિત સંચાલકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# યુદ્ધની અસર: બાંધકામ સામગ્રીના ભાવ વધતા કોન્ટ્રાક્ટરો મુશ્કેલીમાં

**ડાંગ** જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસિએશને કલેક્ટરને રજૂઆત કરી વળતરની માંગ કરી




સાપુતારા: હાલની વૈશ્વિક પરિસ્થિતિ અને ખાસ કરીને ખાડી યુદ્ધના કારણે બાંધકામ સામગ્રીના ભાવોમાં થયેલા અચાનક વધારાને પગલે ડાંગ જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું છે. જેમાં કોન્ટ્રાક્ટરોને આર્થિક નુકસાનથી બચાવવા માટે તાત્કાલિક રાહત આપવાની માંગ કરવામાં આવી છે.

એસોસિએશને જણાવ્યું છે કે, જિલ્લામાં ચાલી રહેલા રોડ, પુલ, ડેમ અને હોસ્પિટલ જેવા વિકાસ કાર્યોના ટેન્ડર તે સમયના બજાર ભાવ મુજબ ભરવામાં આવ્યા હતા. પરંતુ યુદ્ધના કારણે બિટુમિન, સિમેન્ટ, સ્ટીલ, ડીઝલ અને ઈલેક્ટ્રિકલ સામગ્રીના ભાવમાં તીવ્ર ઉછાળો આવતા અગાઉની આર્થિક ગણતરીઓ ખોટી પડી છે. પરિવહન ખર્ચ વધવાથી કોન્ટ્રાક્ટરો માટે કામ પૂર્ણ કરવું હવે આર્થિક રીતે અશક્ય બની રહ્યું છે. એસોસિએશને વધુમાં જણાવ્યું છે કે આ પરિસ્થિતિની લાખો મજૂરોની રોજગારી અને રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર પણ તેની ગંભીર અસર પડી રહી છે. તેઓએ વધેલા ભાવો સામે વિશેષ નાણાકીય સહાય અથવા વળતર પેકેજ જાહેર કરવા, વાસ્તવિક બજાર ભાવ મુજબ એસ્કલેશન અને બિલિંગની સુવિધા આપવી, કોઈપણ પેનલ્ટી વગર કામ પૂર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો કરવા સહિતની માંગ કરી હતી. એસોસિએશને ચેતવણી આપી છે કે જો યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની ગતિ ધીમી પડશે અને લાખો મજૂરોની રોજગારી પર જોખમ ઊભું થશે.

### નવસારીમાં ગટર કામ થયા બાદ રસ્તા અધૂરા

નવસારી: નવસારી શહેરમાં વોર્ડ નંબર 4ના મિથિલા નગરી વિસ્તારમાં રસ્તા અડધા બન્યા છે અને અડધા હજુ બાકી છે, જેના કારણે પવન ઉડે ત્યારે ઘરમાં ધૂળ ઘૂસી આવે છે. સ્થાનિકોનું કહેવું છે કે આ પરિસ્થિતિ રોજિંદા જીવનને અસર કરી રહી છે. તે જ રીતે વોર્ડ નંબર 13ના દશેરા ટેકરી વિસ્તારના રામજી ખત્રી વિસ્તારમાં છેલ્લા ત્રણ મહિનાથી રસ્તાઓની સ્થિતિ સુધરી નથી. અહીં ગટર લાઈન ઊંચી થતાં રસ્તાની સપાટી ઊંચી બની ગઈ છે, જ્યારે ઘરો નીચા જણાતા હોવાથી વરસાદી પાણી ભરાવાની ભીતિ વધી છે. શહેરના અન્ય વિસ્તારોમાં પણ આવું જ દ્રશ્ય છે, જ્યાં વાહનચાલકોને મુશ્કેલી પડે છે અને ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે. લોકો દ્વારા વારંવાર રજૂઆતો છતાં તંત્ર તરફથી પૂરતી કાર્યવાહી ન થતા અસંતોષ વધી રહ્યો છે. નાગરિકોની માંગ છે કે ગટર કામ બાદ તાત્કાલિક રસ્તા બનાવવામાં આવે, જેથી શહેરની પરિસ્થિતિ સામાન્ય બની શકે.

### જલાલપોરમાં રિક્ષામાં વૃદ્ધાની દોઢ તોલાની સોનાની બંગડી ગાયબ

નવસારી: નવસારી શહેરમાં ગઠિયાઓએ રિક્ષામાં મુસાફરી કરતી એક વૃદ્ધાને ટાર્ગેટ બનાવી પળવારમાં સોનાની બંગડી સેરવી લીધી હતી. મોરાર પાર્કમાં રહેતા 78 વર્ષીય ગીતાબેન પટેલ 23 જાન્યુઆરીના રોજ બપોરે જલાલપોર ટાઉન ચોકી પાસેથી રેલવે સ્ટેશન તરફ જવા માટે રિક્ષામાં બેઠા હતા. આ દરમિયાન રિક્ષા ચાલક અને પાછળ બેઠેલા એક અજાણ્યા શખ્સે વાતચીત કરીને વિશ્વાસ જીત્યો હતો. ભીડનો યોગ્ય સમય જોઈ ગઠિયાઓએ ચાલાકીથી તેમની નજર ચૂકવી થોડા જ પળોમાં ગીતાબેનના હાથમાં પહેરેલી અંદાજે દોઢ તોલા (15 ગ્રામ) વજનની અને આશરે રૂ. 70 હજાર કિંમતની સોનાની બંગડી સેરવી લીધી હતી. નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# હવે, ગરમીમાં 'ઠંડક' આપતી ગલેલીના ભાવ 'ગરમ' પડશે

**ખેરગામમાં** આવક પૂરતી હોવા છતાં 10 નંગના રૂપિયા 100



ખેરગામ: ખેરગામ તાલુકા સહિત દક્ષિણ ગુજરાતના બજારમાં અત્યારે ઉનાળુ ફળ 'ગલેલી'ની ધૂમ આવક જોવા મળી રહી છે, પરંતુ આ વર્ષે તેના ભાવ આસમાને પહોંચતા સામાન્ય લોકો માટે તે મોંઘીદાટ બની છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડક આપતા આ ફળની માગ વધતા વેપારીઓ ૧૦૦ રૂપિયામાં માત્ર દસ નંગ ગલેલી આપી રહ્યા છે. સામાન્ય રીતે મધ્યમ વર્ગને પરવડતું આ ફળ આ વર્ષે જાણે 'વીઆઈપી' બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. ગત વર્ષોની સરખામણીએ આ વર્ષે ગલેલીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. નવસારીના આદિવાસી વિસ્તારોમાંથી આવતી આ ગલેલીની સિઝન ટૂંકી હોવાથી અને સામે માગ વધુ હોવાથી ભાવ અંકુશ બહાર ગયા છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, આવક ઓછી હોવાને કારણે જથ્થાબંધ બજારમાં જ ઊંચા ભાવ ચૂકવવા પડી રહ્યા છે. પરિણામે, છૂટક બજારમાં ૧૦૦ રૂપિયાની માત્ર ૧૦ નંગ ગલેલી વેચાઈ રહી છે. એટલે કે એક નંગ ગલેલીની કિંમત ૧૦ રૂપિયા જેવી થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાડનું ફળ ખૂબ ઊંચું હોય છે. જેને કારણે જોખમ રહેલું છે. ઉપરાંત જોખમ ખેડનારની સંખ્યા અને તાડની સંખ્યા પણ ઓછી થઈ રહી છે. બે ત્રણ વર્ષથી ભાવ વધારો થઈ રહ્યો છે. ગલેલી એ તાડના વૃક્ષ પર થતું ફળ છે, જે શરીરમાં પાણીનું સ્તર જાળવી રાખવા મહત્ત્વનું છે.

# CBSE ધો.10નું પરિણામ: વાપીની શાળાઓ ઝળકી

**વાપીની** શાળાઓનું 91થી લઈ 100 સુધીનું પરિણામ, વિદ્યાર્થીઓ સહિત શાળા સંચાલકોમાં ખુશીનો માહોલ

વાપી: CBSE બોર્ડ દ્વારા ધોરણ 10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ સ્કૂલ સલવાવ વાપીનું પરિણામ 100% આવ્યું હતું. વાપીની શાળાઓના પરિણામ સારા આવતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તો સાથે વર્ષ દરમિયાનની મહેનત સામે સારું પરિણામ આવતા પરિવારમાં પણ હર્ષની લાગણી છવાઈ જવા પામી છે. જેમાં રિષભ પટેલે 94.6% સાથે પ્રથમ સ્થાન, ધન્વીન મીરાણીએ 93.6% સાથે બીજું સ્થાન, રિદ્ધિ નકુવાએ 91.8% સાથે ત્રીજું, સાયન પાન્ડાએ 91.6% સાથે ચોથું, રુદ્ર મિશ્રાએ 90.8% સાથે પાંચમું સ્થાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓએ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, ગણિત અને સમાજવિદ્યા જેવા ટોટલ પાંચ વિષયોમાં 100% પરિણામ મેળવી શાળાને ગૌરવ પ્રાપ્ત કરાવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ ઈંગ્લિશ મીડિયમ સી.બી.એસ.ઈ. સ્કૂલ, સલવાવના તમામ શિક્ષકો અને પ્રિન્સિપાલ મીનલ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં. વાપી છીરી સ્થિત જ્ઞાનગંગા શાળાનું 93 ટકા પરિણામ રહ્યું હતું. દિશા નિલેશકુમાર પટેલ 94 ટકા, દિવ્યા તિલકધારી યાદવ 91.4 ટકા, આદિત્યકુમાર મોર્યા 91 ટકા મેળવ્યા હતાં. શાળાના ટ્રસ્ટી સંદિપ પટેલ તથા શાળા આચાર્ય સહિત સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતાં. વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલનું પરિણામ 100 ટકા રહ્યું હતું. પ્રથમ રેંક મનસ્વી અશોક પાટીલ 86.4 ટકા, બીજો રેંક કુમકુમ પારસમલ માલી 82.6 ટકા અને ત્રીજો રેંક જેન્સી વિજય પટેલ 78.6 ટકા મેળવ્યા હતાં. શાળા ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ તથા શાળા આચાર્ય અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતાં.

# દરજી જ્ઞાતિ સેવા મંડળના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારોની બિનહરીફ વરણી

કડોદ: સુરત, નવસારી, વલસાડ, ડાંગ તથા તાપી જિલ્લામાં વતની એવા ગામડિયા દરજી તરીકે ઓળખાતા દરજી જ્ઞાતિ જનોની ૮૨ વર્ષ જૂની સંસ્થા દરજી જ્ઞાતિ સેવા મંડળ, નવસારીના આગામી ત્રણ વર્ષ માટેના ટ્રસ્ટીઓ બિનહરીફ ચુંટાયા બાદ હોદ્દેદારોની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ટ્રસ્ટ બોર્ડની ૨૫ બેઠકની ચૂંટણી જાહેર થતા હેમંત ટેલરની પેનલના ૧૮, પ્રિતેશ ટેલર તથા બંકિમ ટેલરની પેનલના ૨૪ તથા ૧ અપક્ષે ઉમેદવારી નોંધાવી હતી. પ્રિતેશ ટેલર, બંકિમ ટેલરની પેનલે માંડવીથી વાપી અને ઓલપાડથી ધરમપુર સુધી પ્રચાર કર્યો હતો, પરંતુ હેમંત ટેલરની પેનલના ઉમેદવારો ચૂંટણીમાંથી ખસી જતાં ચૂંટણી બિનહરીફ થઈ ગઈ છે. નવા ચુંટાયેલા ટ્રસ્ટીઓની પ્રથમ બેઠક મળી હતી, જેમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. પ્રમુખ-પ્રિતેશ ટેલર ઉપપ્રમુખો-અજય ટેલર (એડ્વોકેટ) તથા જયેશ ટેલર, મંત્રીઓ ભરત દરજી તથા કિશોર ટેલર અને ખજાનચી-બંકિમ ટેલર તેમજ વિવિધ સમિતિના કન્વીનરોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.